તદવસરે ઋષિ સોમજી લખિતં શ્રી હંસલક્ષ્મીવાચનાર્થં. પ.સં.૩૫-૧૬, સીમંધર. દા.૨૦. નં.૨૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૬૦-૭૧.]

## ૨૧૦. ગજેંદ્રપ્રમોદ (ત. હેમવિમલસૂરિ–વિદ્યાસાગર અને ચરણપ્રમોદ–હર્ષપ્રમોદશિ૦)

(૨૭૬) **ચિતોડ ચૈત્ય પરિપાટી** (ઐ.) ર. સં. ૧૫૭૩ ફા. વદ કડી ૬૮

સરસ વચન દિઉ **સરસતી,** નઇ લહી સગુર પસાય
**ચૈત્રપ્રવાડી** વિરચસ્યું, અરચસ્યું શ્રી જિનરાય. ૧
**અંગ તિલંગ કલિંગ** એ, **ગૌડ ચૌડ** નઈ **લાડ**
**માલવ મરહઠ સોરઠ,** તિહિં મંડણ **મેવાડ.** ૨
શ્રી **ચિત્રકૂટિ** હિરા જઇ, પરોજઇએ જેહનું નામ
મહીપતિ સપરાણું એ, રાણુ એ શ્રી **સંગ્રામ.** ૩
સંવત **પનર ત્રિહુત્તરઈ** એ, નરેસૂઆ, ફાગણ વદિ વારિ
**ચૈત્ર પ્રવાડી** મઈ રચી એ, નરેસૂઆ, રિદ્ધિ વૃદ્ધિ જયકાર. ૬૭
**તવ**ગણરયણાયર ચંદ દિવાયર **હેમવિમલ** સૂરિંદ ગુરો
ગુણમણિ વઇરાગર **વિદ્યાસાગર, ચરણપ્રમોદ** પંડિતપ્રવરો
તસ સીસશિરોમણિ કવિચૂડામણિ શ્રી **હર્ષપ્રમોદ** જયવંત ચિરો
તસ સીસ **ગયંદિ** પરમાણું દિઉં, કરિઉં કવિત જયકાર કરો. ૬૮

(૧) પ.સં.૫, પાલણપુર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૯૩-૯૪.]

## ૨૧૧. [+] કમલસંયમ ઉ૦ (બૃહતખરતરગચ્છ જિનહર્ષસૂરિશિ૦)

તેમણે સં. ૧૫૪૪માં 'ઉત્તરાધ્યયન વૃત્તિ' અને સં. ૧૫૪૯માં 'કર્મસ્તવ પ્રકરણ'ની રચના કરી.

(૩૭૭) **સિદ્ધાંત સારોદ્ધાર** અથવા **સમ્યક્ત્વોલ્લાસ ટિપ્પનક** અથવા **લુંકાની હૂંડી** સં. ૧૫૪૪ આસ૦

લોંકાશાના મંતવ્યના ઉત્તર રૂપે છે.

(૧) પ.સં.૧૮-૧૫, ત્રુટક. (૨) સં.૧૬૧૨ માર્ગશિર વ. ૪ રિણીમધ્યે **શ્રીચંદ** શાહ વાચનાર્થં. પ.સં. ૨૫, વચમાં ત્રુટક, અભય૦ (૩) ગ્રં. ૪૦૦, લ. સં. ૧૮૧૪, પ.સં. ૧૫, સે. લા. નં. ૨૧૭૪. (૪) તપ. રાજકુશલશિ. કલ્યાણકુશલેન લિ૦ હીરવિજયસૂરિરાજ્યે સં. ૧૬૪૬.